| GJBK030004852026 | **ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૩/૨૦૨૬** |
|---|---|
| | |

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૩/૨૦૨૬**
**છાપી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૯૨૫૦૪૬૧/૨૦૨૫**
**ક્રિ.કે.નં.૩૮૪/૨૦૨૬**

**જામીન અરજી લગત હુકમ**

**૧.** હાલના અરજદાર/આરોપી સામે બી.એન.એસ કલમ-૩૦૮(૨),૨૦૪, ૨૯૬(ખ),૩૫૧(૨),૬૧(૨),(ક) મુજબનો ગુનો નોધાયેલ છે.આરોપી ને સદર કામે જયુ.કસ્ટડીમાં હોય આરોપી તરફે ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ-૪૮૦ અન્વયે જામીન મુકત કરવા હાલની અરજી કરેલ છે.

**૨.** આરોપી તર્ફે વિ.વ.શ્રી.વાય.યુ.નાગોરીએ કરેલી રજુઆતો મુજબ આરોપી નિર્દોષ છે અને નાસી ભાગી જાય તેમ નથી.આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદ પક્ષને કોઈ નુકશાન જાય તેમ નથી.તેમજ તેના કુંટુબની ભરણપોષણની જવાબદારી આરોપીના શીરે છે.ચાર્જશીટ થઈ ગયેલ છે તેથી સખત અને ચુસ્ત શરતોને આધીન આરોપીને જામીન મુકત કરવામા આવે તો નિયમિત હાજર રહેવાની ખાત્રી આપી જામીન મુકત કરવા અરજ કરેલ છે.સરકારપક્ષે એ.પી.પી શ્રીએ જામીન મંજુર કરવા સામે વાંધો લીધેલ છે.

૩. આ કામે આરોપી વિરૂધ્ધ નોંધાયેલ ચાર્જશીટ/એફ.આઈ.આર.વંચાણે લીધી. સદર ગુનાની એફ.આઈ.આર.વંચાણે લેતા હાલનો ગુનો છાપી પો.સ્ટે.ગુના.રજી નં.૧૧૧૯૫૦૦૯૨૫૦૪૬૧/૨૦૨૫ બી.એન.એસ કલમ-૩૦૮(૨),૨૦૪, ૨૯૬(ખ),૩૫૧(૨),૬૧(૨),(ક) મુજબ નો તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ નોંધાયેલ છે જે મુજબ આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદીના પાસે સંગીત શીખવા બાબતે મોબાઈલ ઉપર મેસેજ કરી વાતો કરી વિશ્વાસમાં લઈ બહાર મળવા બોલાવી ત્યાં આરોપી ઓ આવી જઈ પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી ફરી.ને જેમ તેમ ગાળો બોલી આબરુનો ડર બતાવી કેસ કરવાની ધમકી આપી તેની પાસે આઠ લાખ રુપિયા બળજબરીથી કઢાવી લઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કર્યાનો આક્ષેપ છે.

**૪.** ઉભય પક્ષને સાંભળ્યા,આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ જોતા,બી.એન.એસ.કલમ-૩૦૮(૨),૨૦૪,૨૯૬(ખ),૩૫૧(૨), ૬૧(૨)(ક)મુજબના ગુનાનુ ચાર્જશીટ ક્રિ.કે.નં.૩૮૪/૨૦૨૬ થી રજુ થઈ ગયેલ છે તેમજ આ કામના અન્ય આરોપીઓને પણ જામીન મુકત કરવામાં આવેલ છે તેમજ તપાસ પુરી થઈ ગયેલ હોઈ પુરાવાને પણ કોઈ અસર થાય તેમ નથી આરોપી બનાસકાંઠા જીલ્લાના લોકલ રહેવાસી છે સદર કેસની ટ્રાયલ ચલાવવા ની અત્રેની કોર્ટને સત્તા છે તેમજ કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરવાની ખાતરી આપેલ છે,જેથી આરોપી વિરૂધ્ધ નોંધાયેલ ગુનાની સજાની જોગવાઈ જોતાં ન્યાયના વિશાળ હિતમાં આરોપીને કડક અને ચુસ્ત શરતોને આધીન જામીન મુકત કરીને ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ-૪૮૦ મુજબની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત્ત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

અરજદાર/આરોપી અકતરશા રજબશા ફકીર(મુસલમાન) મુળ રહે.પેંગીયા તા.ધાનેરા જી.બ.કાં.હાલ રહે.પાલનપુર જનતાનગર અંબર સોસા તા.પાલનપુર જી.બ.કાં.-ના ઓને સદર ગુના સબબ આરોપીના રૂા.૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પચાસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજું કર્યેથી નીચેની શરતોને આધીન જામીનમુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>-: શરતો :-</u>

૧. આરોપીએ ફરીયાદી કે ફરીયાદ પક્ષના સાહેદોને ધાકધમકી, લોભ, લાલચ, આપી કે કોઈ પણ રીતે પુરાવા સાથે ચેડાં કરવા નહી.

૨. આરોપીએ ગુનાના કામે પોલીસ તપાસમાં સંપુર્ણ સહકાર આપવો.

૩. આરોપીએ છ મહીના સુધી દર મહીને એકવાર ૨૦ થી ૨૫ તારીખ દરમ્યાન પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

૪. આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન નીયમીત રીતે અદાલતમાં હાજરી આપવાની રહેશે.

૫. આરોપીએ અન્ય કોઈપણ ગુનાના કામે સંડોવાવુ નહી તેમજ સુલેહ શાંતિનો ભંગ કરવો નહી.

૬. આરોપીએ પોતાનુ તેમજ જામીનદારનુ કાયમી તેમજ હાલનુ સરનામુ જાહેર કરવુ અને કોર્ટની પુર્વ પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી .

૭. ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયે જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

હુકમ આજરોજ તા.**૧૦ માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૩/૨૦૨૬ (ચંદ્ર શેખર શર્મા)
વડગામ જયુ.મેજી.ફ.ક.વડગામ